જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૭/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૨૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની
તા.૦૭/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૧	૦	૧૧૬૩૧	૧૭૭૪૨	૦	૧૭૭૪૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૯	૦	૪૭૨૯	૬૨૬૪	૦	૬૨૬૪
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૬	૧	૯૭	૩૪૧	૬	૩૪૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૩૩૯૮	૧૦૬	૬૩૫૦૪	૬૩૯૮૧	૧૦૫	૬૪૦૮૬
કુલ		૭૯૮૫૪	૧૦૭	૭૯૯૬૧	૮૮૩૨૮	૧૧૧	૮૮૪૩૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૬	૨,૬૯,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૮૬	૧૦,૮૬,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

રામોલ પોલીસ સ્ટેશન :

અમદાવાદ શહેર ના અલગ અલગ વિસ્તારમાં સોનીની દુકાનોમાંથી વેપારીની નજર ચુકવી ચોરીઓ કરેલ ચાંદીની પાયલો જોડી- ૦૫ કુલ એક કીલોગ્રામ ચાંદી કિંમત રૂપિયા ૬૫,૦૦૦/- તથા રોકડા રૂપિયા ૯૫૦૦/- મળી કુલ કિંમત રૂપિયા ૭૪,૫૦૦/- ના મુદ્દામાલ સાથે એક મહીલાને પકડી પાડતી રામોલ પોલીસ

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી "આઈ" ડીવીઝન સાહેબની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તારીખ:૦૭/૦૭/૨૦૨૧ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ બી.આર.ભાટી તથા એ.એસ.આઈ રણજીતસિંહ મફતસિંહ બ.નં.૭૭૮૩ તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો મયુરભાઈ માધાભાઈ બ.નં.૯૫૨ તથા પો.કો મહીપાલસિંહ માનસિંહ બ.નં.૧૧૨૯૩ તથા પો.કો યુવરાજસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૧૧૮૮૧ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે રામોલ રામરાજ્યનગર ચાર રસ્તા પાસે પંચો સાથે વોચ તપાસ કરતા આરોપી બહેન પુનમબેન વા/ઓ કમલેશભાઈ થાવરભાઈ રંગવાણી ઉવ:૫૬ રહે:એ/૧ ક્રીષ્ણાધામ સોસાયટી કઠવાડા રોડ નવા નરોડા અમદાવાદ શહેર મુળરહે:બી/૭૮/૧૦૨ સ્વામીનારાયણ પાર્ક હરીદર્શન ચાર રસ્તા પાસે નવા નરોડા અમદાવાદ શહેર ને પોતાના કબજામાંથી ચાંદીની અલગ અલગ ડીઝાઈનની પાયલો જોડી:૦૫ મળી કુલ્લે એક કીલો ગ્રામ ચાંદી કીમત રૂપીયા ૬૫૦૦૦/- તથા રોકડા રૂપીયા ૯૫૦૦/- મળી કુલ્લે કીમત રૂપીયા ૭૪૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી સદરી મહીલાની પુછપરછ દરમ્યાન તેણે તા:૧૭/૦૬/૨૦૨૧ ના રોજ બપોરના અઢી વાગ્યાના અરસામાં પોતે સીટીએમ માટલા સર્કલ સામે આવેલ વીનય ગોલ્ડ નામની દુકાન માંથી બે જોડી ચાંદીના પાયલની ચોરી કરેલ તથા તા:૨૨/૦૬/૨૦૨૧ ના રોજ નીકોલ સુકન ચોકડી ખાતે આવેલ વીજય ગોલ્ડ નામની દુકાન માંથી એક જોડી ચાંદીના પાયલની ચોરી કરેલ તથા તા:૦૩/૦૭/૨૦૨૧ ના રોજ બપોરના દોઢેક વાગ્યાના અરસામાં રામોલ સુરેલીયા રોડ ખાતે આવેલ વીજય ગોલ્ડ પેલેસ નામની દુકાન માંથી બે જોડી ચાંદીના પાયલની ચોરી કરેલ હોવાની કબુલાત કરતા ઉપરોક્ત મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરી સદરી મહીલાને સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી ઉપરોક્ત ત્રણેય સોનીની દુકાનો ખાતે રૂબરૂ જઈ ખરાઈ તપાસ કરાવી સદરી મહીલા વિરૂધ્ધ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૧૧૪૧૫/૨૧ તથા ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૧ ૧૪૧૬/૨૧ ઈપીકો કલમ ૩૮૦ મુજબના ગુનાઓ દાખલ કરી આરોપી મહીલા વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

આરોપી મહીલાનો ગુનાહીત ઈતિહાસ:

- સદર મહીલા અગાઉ રાજસ્થાન રાજ્ય ખાતે જ્વેલર્સની દુકાનોમાં નજર ચુકવી અલગ અલગ ત્રણ ચોરીના ગુનામાં પકડાયેલ છે.
- સદર મહીલા વેજલપુર તથા કૃષ્ણનગર તથા નરોડા પોલીસ સ્ટેશન ખાતે જ્વેલર્સની દુકાનોમાં નજર ચુકવી અલગ અલગ ત્રણ ચોરીના ગુનામાં પકડાયેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૨૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૧૦ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૧૯૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૧૩,૬૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૨૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયો :- **સમાચાર યાદી નં.૧૨૨૭/૨૦૨૧**

શાહીબાગ : રેખાબહેન વા/ઓ નરેન્દ્રભાઇ પરીખ (ઉ.વ.૬૦)(રહે.દિનેશ એપાર્ટમેન્ટ માધુપુરા માર્કેટ ની સામે, શ્રીજી ખમણની ગલીમાં માધુપુરા) એ તા.૦૭/૦૭/૨૦૨૧ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૬/૨૦૨૧ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે શાહીબાગ અંડરબ્રીજ પાસે શાલીમાર ફલેટ આગળ રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એકટીવા ઉપર આવેલ અજાણ્યો પુરૂષ રેખાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૨૨૮/૨૦૨૧**

અમરાઇવાડી : હિરાબહેન વા/ઓ નાનજીભાઇ રાઠોડ (ઉ.વ.૬૫)(રહે.નરસિંહનગર વિભાગ-૨, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, અમરાઇવાડી) તા.૦૭/૦૭/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી ગામ જોગણીમાતાના મંદીર પાછળ આવેલ વાડી નજીકથી ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) એ ભેગામળી હિરાબહેનના વખાણ કરી “પહેરેલ સોનાના બુટીયા તથા સોનાની શેર તમને સારા લાગે છે, અમોને બતાવો” તેમ કહેતા હિરાબહેન વાતોમાં આવી તેમના સોનાના બુટીયા અને સોનાની શેર કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- આપી દેતા, બંને અજાણ્યા ઇસમો હિરાબહેન ની નજર ચુકવી સોનાના બુટીયા અને સોનાની શેર લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હિરાબહેન રાઠોડ એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જીતેન્દ્રસિંહ ગુમાનસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૨૨૯/૨૦૨૧**

સોલા હાઇકોર્ટ : વિક્રમભાઇ રામભરોસે પ્રજાપતિ (ઉ.વ.૨૬)(રહે.ગાયત્રીપાર્ક સોસાયટી ચાણકયપુરી બ્રીજ પાસે, ચાણકયપુરી) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૭/૨૦૨૧ સાંજના ૫/૧૫ વાગે પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિર્મલકુમાર ઇશ્વરભાઇ ચલાવે છે.

માધવપુરા : અશોકભાઇ કનુભાઇ ઠાકોર (ઉ.વ.૩૧)(રહે. ઠાકોરવાસ શક્તિનગર પાસે દુધેશ્વર રોડ માધવપુરા) એ બીમારીથી કંટાળી તા.૦૭/૦૭/૨૦૨૧ બપોરના ૨/૨૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખાના હુકમા નાડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રજ્ઞેશકુમાર દશરથલાલ ચલાવે છે.

વાસણા : પ્રહલાદભાઇ મણીલાલ પરમાર (ઉ.વ.૪૮)(રહે.કંતાનનગરના છાપરા જી.બી.શાહ કોલેજની પાછળ વાસણા)એ અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૧ રાતના ૯/૪૫ થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પાઇપ સાથે પ્લાસ્ટીક ની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સલમાનખાન રજાકખાન ચલાવે છે.

વટવા : રાહુલ શિવનાથ બડગુર્જર (ઉ.વ.૨૭)(રહે.જગદીશનગરના કાચા છાપરા, કેડીલાબ્રીજ પાસે નવા ઘોડાસર વટવા) અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૧ રાતના ૧૦/૦૫ વાગ્યાના સુમારે વટવા પુનિતનગર ફાટક આગળ પોલ નંબર-૪૮૯/૧૪ ના થાંભલા પાસે પોતાની જાતે ટ્રેઇનની અડફેટે આવી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ ગીંબાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી